ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૫/૧૯–૨૦/ 2560 તારીખ : 15

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી વિઠ્ઠલભાઈ રવજીભાઈ ભીંગરાડીયા,
"રાજશ્રી", રેલ્વે ફાટક સામે,
મુ.ધોળાગામ, તા.ઉમરાળા,
જી.ભાવનગર.
**મો.નં. ૯૪૨૮૬ ૩૮૬૦૧.**

કેસ નં.૧૫/૧૯–૨૦

**વિષય : બદલાવેલ મીટર/અનિયમીત બીલીંગ તેમજ સ્ટાફની વર્તણુંક બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૯/૦૪/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૧૯–૨૦/૧૫૦૭ તા.૧૬/૦૪/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૧૯–૨૦/૧૭૨૭ તા.૦૯/૦૫/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૧૯–૨૦/૨૧૬૮ તા.૧૩/૦૬/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૫/૦૬/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, ગઢડા.

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, બોટાદ.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ધોળા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર - ૧૫/૧૯-૨૦**

વાદી :- શ્રી વિઠ્ઠલભાઈ રવજીભાઈ ભીગરાડીયા

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખઃ- ૨૫.૦૬.૨૦૧૯**

હાજર રહયા :- શ્રી વિઠ્ઠલભાઈ રવજીભાઈ ભીગરાડીયા - (વાદી પોતે)

પ્રતિવાદી :- શ્રી પી. સી. પંચાલ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી વિઠ્ઠલભાઈ રવજીભાઈ ભીગરાડીયા, મુ.ધોળાગામ, તા.ઉમરાળા, જી.ભાવનગરની બદલાવેલ મીટર/અનિયમીત બીલીગ તેમજ સ્ટાફની વર્તણુંક બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૫/૧૯-૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૫/૧૯-૨૦/૧૫૦૭ તા.૧૬.૦૪.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૪.૦૫.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી હાજર રહેલ નથી. ત્યારબાદ તા. ૨૫.૦૬.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી વિઠ્ઠલભાઈ રવજીભાઈ ભીગરાડીયા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી. સી. પંચાલ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ધોળા સબ ડીવીઝનના ગ્રાહક નં.૩૯૩૧૭/૦૦૬૪૮/૫ થી થ્રી ફેઈઝ ફોર વાયરના ઘરવપરાશ કર્તા છીએ.

૧.૨ ઉપરોક્ત ગ્રાહક નંબરથી અમો પીજીવીસીએલના ગ્રાહક છીએ. ગઈ તા.૩૧.૦૧.૧૯ ના રોજ અમારૂ બીલ રૂા.૩૯૮૪૦/- આવેલ, જે કાયમી આવતી રકમ કરતાં દસ ગણું છે. અમોએ આ બાબતે ડે. એન્જીનીયર, ધોળાને વારંવાર મળતાં તા.૨૭.૦૨.૧૯ ના રોજ મીટર [illegible] અરજી આપવા જણાવેલ, જે તા.૦૧.૦૩.૧૯ નારોજ મીટર બદલાવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ ત્યારે મીટર રીડીગ ૪૫૯૨૯.૩૫ હતું, જે તા.૧૫.૦૩.૧૯ ના રોજ લેબોરેટરીની શીટમાં ૪૫૮૬૮.૦૩ દર્શાવેલ છે, જે બન્ને આંકડા શંકા ઉપજાવે છે. ગઢડા લેબોરેટરીમાં એમ.આર.આઈ. રીપોર્ટ કરતાં યોગ્ય નિર્ણય નહી આવતાં, કંપની મીટર મોકલવાનું અમોને જણાવવામાં આવેલ.

૧.૪ ત્યારબાદ આ મીટર બાબત શું થયું કંપનીમાંથી રીપોર્ટ આવ્યો કે નહી તે કોઈપણ પ્રકારની અમોને જાણ કરવામાં આવેલ નથી. ગઈ તા.૨૭.૦૩.૧૯ ના રોજ જુ.ઈજનેર શ્રી થોમસ અમારી પાસે બીલના નાણા લેવા આવેલ અને જણાવેલ કે બીલ ભરી આપો અથવા મીટર લઈ જવાનું છે. અમોએ આ બાબતે તપાસમાં ગયેલ, મીટર બાબતે અમોને કોઈ જાણ કરેલ નથી. આપ અમોને પહેલા તે બાબતે લેખિતમાં જણાવો સાથે મીટર ના આવેલ રીપોર્ટ ની કોપી આપો, જેથી અમો નાણા ભરવાનો નિર્ણય લઈ શકીએ. ત્યારબાદ તેઓ જતા રહેલ.

૧.૫ તા.૨૯.૦૩.૧૯ ના રોજ આશરે સવારે ૧૦.૦૦૦ કલાકે આપના સ્ટાફ તથા પોલીસ તથા અન્ય માણસો જેને અમો ઓળખતા નથી. કોઈ સ્ટાફ પાસે ઓળખકાર્ડ ન હતાં. જેઓ મીટર ઉતારવાની કોશીશ કરતા અમોએ લેખિત માંગણી કરેલ કે અમારા મીટરનું શું થયું, જે ટેસ્ટીગમાં ગયેલ છે ? આપના ડે.ઈ.શ્રી તાવીયાડનું મનસ્વી વલણ કાયદાની ઉપરવટ જઈ કામગીરી કરવાની રીત અયોગ્ય છે. અમો વેપારી/રાજકીય માણસોના ઘર પર વારંવાર આપના માણસો તથા પોલીસ આવે જે અયોગ્ય છે. સમાજમાં અમારી બદનામી થાય છે. મારા પત્ની રાજકીય રીતે રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષમાં પ્રદેશ મંત્રી હોઈ, આપના અધિકારી દવારા અમોને રાજકીય રીતે બદનામ કરવાનું ષડયંત્ર કરી રહયા હોઈ તેવું જણાય છે. ભાજપના કોઈ રાજકીય માણસના હાથ બની આવું કામ કરી રહયા છે.

૧.૬ ખાસ બીલ બાબત કે ધોળા સબ ડીવીઝનમાં મીટર રીડીગ માટે કોઈ અનુભવી કે ટ્રેનીગ પામેલ સ્ટાફ હોઈ તેવું લાગતું નથી. જેમની જવાબદારી છે તે મીટર રીડીગ કરવાના બદલે ભાડુતી માણસો રાખી કામગીરી કરાવે છે. ગ્રાહકોને બંધ ઘર, વાંચી શકાતું નથી, તેવા બહાના હેઠળ મીટરરીડીગ લીધા વીના જ એવરેજ બીલ આપવામાં આવે છે. જે પછીના બીલમાં કાપવાની કોઈ દરકાર લેતું નથી અને તે જ યુનિટ ના ફરી વખત બીલ આપવામાં આવે છે અને ગ્રાહકને મોટુ મચ બીલ ભરવા મજબુર કરે છે.

૧.૭ ૨૯.૦૩.૧૯ ની ટપાલથી ફકત એમ.આર.આઈ. રીપોર્ટ ની નકલ આપવામાં આવી છે, અન્ય કોઈ કાગળો જેવા કે મીટર ઉતારતી વખતે ભરેલ ફોરમેટ કે જેમાં છેલ્લા રીડીગ હોય.

૧.૮ અમારી માંગણી છે કે છેલ્લા બે વર્ષના અમારા લાઈટબીલની પુનઃ ગણતરી કરવામાં આવે, મીટરનો છેલ્લા બે વર્ષનો એમ.આર.આઈ. રીપોર્ટ બનાવી બીલ અને રીપોર્ટ સરખાવવામાં આવે.

૧.૯ અમારા જુલાઈ મહીનાના બીલમાં જમા રકમ રૂા.૫૮૧૧/- બોલે છે. નવેમ્બર માં રૂા.૧૧૦૦૦/- નું બીલ આવેલ, ત્યારબાદ ડીસેમ્બરમાં રૂા.૪૨૦૦/- આવેલ, જે રૂા.૧૫૨૮૦/- અમોએ ભરી આપેલ. જાન્યુઆરીમાં રૂા.૩૯૮૪૦/- બીલ આવેલ છે, જે માન્ય ના હોય અમારી રીએસેસમેન્ટ ની માંગણી છે.

૧.૧૦ મીટરની બાબત અંડર પ્રોસેસમાં હોવા છતાં પણ કોઈપણ પ્રકારે જાણ કર્યા વગર ગ્રાહકના ઘરે બળજબરી થી વસુલાત કરવા બાબતે જવાબદાર સામે પગલા લેવા. મીટર બદલાવવાની ફી રૂા.૨૨૦/- તેનો SGST ૯ % લેખે રૂા.૨૦/-, તેનો CGST ૯ % લેખે રૂા.૪૦/- કુલ રૂા.૨૮૦/- [illegible] SGST અને CGST બન્ને સરખા

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar

હોઈ શકે, જે અમારૂ માનવું છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ શ્રી વિઠ્ઠલભાઈ રવજીભાઈ ભીગરાડીયા ધોળા પેટા વિભાગીય કચેરીમાં ગ્રાહક નં.૩૯૩૧૭/૦૦૬૪૮/૫ થી શ્રી ફેઈઝ વીજજોડાણ ધરાવે છે, તે વાત સાચી છે.

૨.૨ ગ્રાહકને તા.૩૧.૦૧.૨૦૧૯ ના રોજ રૂ.૩૯૮૪૦/– નું બીલ આપવામાં આવેલ હોય, એ હકીકત સાચી છે. ગ્રાહકને તા.૨૭.૦૨.૨૦૧૯ ના રોજ ગ્રાહક દવારા મીટર બદલી કરવાની હકીકત સાચી છે. તા.૦૧.૦૩.૨૦૧૯ ના રોજ સદર ગ્રાહકનું ઉપર જણાવેલ વીજસ્થાપન પરનું મીટર બદલી કરવામાં આવેલ અને તે સમયે મીટરના છેલ્લા રીડીગ ૪૫૯૨૯.૩૫ હોવાનું પ્રફોર્મામાં જણાવેલ છે. તા.૧૫.૦૩.૨૦૧૯ ના રોજ ગઢડા લેબોરેટરીમાં ગાહકની રૂબરૂમાં મીટર ચકાસણી સમયે મીટર બરાબર માલુમ પડેલ અને છેલ્લું મીટર રીડીગ ૪૫૮૬૭.૦૩ જોવા મળેલ. તા.૧૫.૦૩.૨૦૧૯ ના રોજ ગઢડા લેબોરેટરીમાં મીટર ચકાસણી સમયે સદર મીટરનો એમ.આર.આઈ. રીપોર્ટ નીકળેલ નહી, જેથી સદર મીટર વધુ ચકાસણી માટે મીટર કંપનીમાં મોકલવું પડશે, તેવું જણાવેલ, તે હકીકત સાચી છે. પરંતુ લેબોરેટરીમાં મીટરના એમ.આર.આઈ. રીપોર્ટ કાઢવા પ્રયત્ન કરતાં, સદર મીટરનો એમ.આર.આઈ. રીપોર્ટ તા.૧૬.૦૩.૨૦૧૯ ના રોજ નીકળેલ. સદર એમ.આર.આઈ. રીપોર્ટ મુજબ મીટરમાં કોઈ અનિયમીતતા જોવા મળેલ નહી. સદર એમ.આર.આઈ. રીપોર્ટ તા.૧૯.૦૩.૨૦૧૯ ના રોજ ધોળા પેટા વિભાગીય કચેરીને અત્રેની કચેરી દવારા મોકલવામાં આવેલ.

૨.૩ તા.૨૭.૦૩.૨૦૧૯ ના રોજ મીશન માર્ચ–૨૦૧૯ ની ડેબીટ એરીયર્સ રીકવરીની ઝુંબેશમાં ધોળા પેટા વિભાગીય કચેરીના જુનીયર ઈજનેરશ્રી થોમસ ડીફોલ્ટર ગ્રાહકોના ચડત બીલની વસુલાત સારૂ એક ટીમ તરીકે રીકવરી સારૂ ગયેલ, જેમાં શ્રી વિઠ્ઠલભાઈ રવજીભાઈ ભીગરાડીયા ના ગ્રાહક નં.૩૯૩૧૭/૦૦૬૪૮/૫ ની વીજબીલની રકમ પણ બાકી હોય, તેની વસુલાત સારૂ ગયેલ તે હીકકત સાચી છે. પરંતુ વિઠ્ઠલભાઈએ એમ.આર.આઈ. રીપોર્ટની નકલ મળ્યા બાદ નાણા ભરપાઈ કરવાનો નિર્ણય કરશે. જેથી તા.૨૯.૦૩.૨૦૧૯ ના રોજ સદર ગ્રાહકને એમ.આર.આઈ. રીપોર્ટની ટપાલ દવારા મોકલવામાં આવેલ, જે ગ્રાહકને મળી ગયેલ છે.

૨.૪ ગ્રાહકે કરેલ માંગણી મુજબ રી–એસેસમેન્ટની માંગણીની કોઈ જોગવાઈ નથી, જેથી તેમની રી–એસેસમેન્ટની માંગણી સ્વિકારી શકાય તેમ નથી.

૨.૫ મીટર ટેસ્ટીગ ફી ની રકમ જે ગ્રાહક દવારા ભરપાઈ કરવામાં આવેલ છે, તે નિયમ અનુસારની છે.

૨.૬ વાદીના ગ્રાહક નં.૩૯૩૧૭/૦૦૬૪૮/૫ વાળા વીજજોડાણનું તા.૦૧.૦૩.૨૦૧૯ ના રોજ બદલી કરવામાં આવેલ મીટરની લેબ ચકાસણી તા.૧૫.૦૩.૨૦૧૯ ના રોજ ગ્રાહકની રૂબરૂમાં કરવામાં આવતા અને સદર મીટરનો એમ.આર.આઈ. રીપોર્ટ તા.૧૬.૦૩.૨૦૧૯ ના રોજ કાઢતાં, મીટરમાં કોઈપણ પ્રકારની અનિયમીતતા જોવા મળેલ નથી. જેથી વાદીની કોઈ રજુઆત ધ્યાને લઈ શકાય તેમ નથી અને ગ્રાહક દવારા ભરપાઈ કરવાપાત્ર બાકી ચડત રકમ ભરપાઈ કરવાની વાદી ગ્રાહકની જવાબદારી છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **ફોરમનું તારણ** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી શ્રી વિઠ્ઠલભાઈ રવજીભાઈ ભીંગરાડીયા ગામ–ધોળા માં ઘરવપરાશનું થ્રી ફેઈઝ વીજજોડાણ ગ્રાહક નં.૩૯૩૧૭/૦૦૬૪૮/૫ થી ધરાવે છે.

૩.૨ પ્રતિવાદી તરફથી વાદીને તા.૩૧.૦૧.૨૦૧૯ નારોજ દ્વિમાસીક વીજબીલ રૂા.૩૯૮૪૦/– નું આપવામાં આવેલ, તેથી વાદીએ તા.૨૭.૦૨.૧૯ ના રોજ પ્રતિવાદીની કચેરીમાં મીટર ટેસ્ટીંગ ચાર્જ ભરી, મીટર બદલવા માટેની અરજી કરેલ. જે મીટર પ્રતિવાદીએ તા.૦૧.૦૩.૧૯ ના રોજ બદલાવેલ અને તા.૧૫.૦૩.૧૯ ના રોજ વાદીની હાજરીમાં મીટરનું પરીક્ષણ કરેલ તેમજ તા.૧૬.૦૩.૧૯ ના રોજ મીટરનો એમ.આર.આઈ. લેવામાં આવેલ. પ્રતિવાદીએ એમ.આર.આઈ.નો બીલીગ રીપોર્ટ ની નકલ ફોરમને રજુ કરેલ છે.

૩.૩ તા.૧૭.૦૫.૧૯ ના રોજ પ્રતિવાદીને ફોરમ તરફથી સુચના આપવામાં આવેલ કે એમ.આર.આઈ. ના બીલીગ રીપોર્ટ ઉપરથી મન્થવાઈઝ રીડીગનો ડેટા તેમજ પ્રતિવાદીનાં મીટરરીડરે દ્વિમાસીક બનાવેલ બીલનો તારીખ અને રીડીગ તેમજ વપરાશના ડેટાનું એક સ્ટેટમેન્ટ રજુ કરવું.

૩.૪ તા.૨૫.૦૬.૧૯ ના રોજ પ્રતિવાદીએ ફોરમને એમ.આર.આઈ. ના ડેટા અને પ્રતિવાદીને અપાયેલ દ્વિમાસીકનાં બીલનાં રીડીગનું સ્ટેટમેન્ટનું પત્રક અને વાદીનાં લેઝરશીટ પી.આર.ટી.–૧૪૫ ની નકલ રજુ કરેલ છે, જે સ્ટેટમેન્ટ નીચે મુજબ છે.

| BILLING MONTH | METER READING AS PER MRI REPORT | | | | METER READING AS PER 145-PRT | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | FINAL READING | START READING | DIFF. | BI-MONT-HLY DIFF. | BILL DATE | FINAL READ-ING | START READING | DIFF. | AVERAGE CONSUM-PTION | METER STATUS |
| Apr-18 | 38362.92 | 37502.47 | 860.45 | 2431.50 | 5/27/2018 | 37462 | 37462 | 0 | 1140 | L |
| May-18 | 39933.97 | 38362.92 | 1571.05 | | | | | | | |
| Jun-18 | 41471.31 | 39933.97 | 1537.34 | 2448.09 | 8/19/2018 | 38852 | 37462 | 1390 | | |
| Jul-18 | 42382.06 | 41471.31 | 910.75 | | | | | | | |
| Aug-18 | 43144.33 | 42382.06 | 762.27 | 1451.51 | 10/9/2018 | 39350 | 38852 | 498 | | |
| Sep-18 | 43833.57 | 43144.33 | 689.24 | | | | | | | |
| Oct-18 | 44712.88 | 43833.57 | 879.31 | 1327.62 | 12/10/2018 | 39350 | 39350 | 0 | 700 | N |
| Nov-18 | 45161.19 | 44712.88 | 448.31 | | | | | | | |
| Dec-18 | 45418.90 | 45161.19 | 257.71 | 473.66 | 1/31/2019 | 45630 | 39350 | 6280 | | |
| Jan-19 | 45634.85 | 45418.90 | 215.95 | | | | | | | |
| Feb-19 | 45865.22 | 45634.85 | 230.37 | | | | | | | |
| | | **TOTAL CONSUMPTION** | | **8132.38** | | **TOTAL CONSUMPTION** | | **8168** | | |

૩.૫ પ્રતિવાદીએ રજુ કરેલ પત્રકનો એમ.આર.આઈ.નાં મન્થવાઈઝ રીડીગ, કન્ઝમ્પશનને તારીખને મીટર રીડરે લીધેલ મીટર રીડીગ તારીખ અને વીજવપરાશની સરખામણી કરતાં, સ્પષ્ટ જણાય છે કે પ્રતિવાદીનાં મીટરરીડરે નિયમીત મીટર જોઈ વાંચન કરી અને મીટરમાં નોંધાયેલ વપરાશ મુજબનું રીડીગનું બીલ વાદીને આપેલ નથી અને વીજવપરાશનાં બીલમાં ખોટા રીડીગની નોંધ તથા [illegible]રાશની નોંધ કરી હોવાનું જણાય છે.



Grievance Redressal P.G V.C.L. Bhavnagar

૩.૬ તા.૧૬.૦૩.૧૯ ના રોજ એમ.આર.આઈ. બીલીગ ડેટા મુજબના રીડીગ ૪૫૮૬૮.૭૩ છે જયારે પ્રતિવાદીનાં મીટરરીડરે તા.૩૧.૦૧.૧૯ ના રોજ લીધેલ મીટર રીડીગ ૪૫૬૩૦ છે.

૩.૭ પ્રતિવાદીએ વાદીને તા.૩૧.૦૧.૧૯ ના રોજ આપેલ ૬૨૮૦ યુનિટનું બીલ બરાબર અને યોગ્ય છે, જે વાદીએ ભરવાપાત્ર છે.

૩.૮ પ્રતિવાદીએ એમ.આર.આઈ. ડેટા મુજબનાં રીડીગ ૪૫૮૬૮.૭૩ એ વાદીનાં વીજસ્થાપન નાં જુના મીટરના રીડીગ ગણી ખરેખર થતું બીલ બનાવવું અને વાદીને આપવું, જે વાદીએ ભરવાપાત્ર છે.

૩.૯ ઉપરોકત તારણ નં.૩.૫ મુજબ પ્રતિવાદીનાં મીટર રીડરે ફરજમાં બેદરકારી દાખવેલ છે અને દ્વિમાસીક રીડીગ ખોટા લીધેલ છે, તેથી વાદીને ખોટા વીજવપરાશના બીલ અપાયેલ છે, તેથી પ્રતિવાદીએ સબંધિત મીટરરીડર સામે ખાતાકીય પગલાં ભરવા જેથી કરીને ભવિષ્યમાં વીજબીલમાં ગ્રાહકોને હેરાનગતી ન થાય તેમજ લેવાયેલ પગલાની ફોરમને જાણ કરવી

**–:: હુકમ ::**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૮ અને ૩.૯ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(પી. એ. જાજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– **૨૫.૦૬.૨૦૧૯**

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar